# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

મન ફાવે તેવાં નિવેદનનું મળ્યું છે સ્વાતંત્ર્ય!
કરચોરી અને દેશદ્રોહનું મળ્યું છે સ્વાતંત્ર્ય!
મળ્યું સ્વાતંત્ર્ય-ફર્જ ભૂલી સૂઇ જા ટાઢી સાતમે -
સિદ્ધાંત હીન રાજકારણનું મળ્યું છે સ્વાતંત્ર્ય!
(સ્વાતંત્ર્ય-દિન)

**હાઈકુ**

લાગે છે રોજ!
આરામપ્રિય સ્ત્રીને -
રાંધણ છઠ્ઠ..
(રેસ્ટોરંટની આદત)

અભિનય ને-
હવે થવું છે સફળ -
નગ્નતા ઓઢી..
(નટીઓની સ્પર્ધામાં - આમીર)

## ચિંતન

**પ્રત્યાખ્યાને ચ દાને ચ સુખદુઃખે પ્રિયાપ્રિયે । આત્મૌપમ્યેન પુરૂષઃ પ્રમાણમધિ ગચ્છતિ ॥**

કોઇની સાથે ખોટા વાદ-વિવાદ, ચર્ચા દલીલ કરી તેને હરાવવામાં, કોઇને આપવામાં કે ન આપવામાં, કોઇને મનસા-વાચા દુખ થશે કે સુખ એના પરિણામનો વિચાર માનવીએ પોતાને કર્તા સ્થાને રાખી વિચાર કરવો જોઇએ. અર્થાત આ બધી બાબતોને જો પોતાની સાથે આવો ઉચિત કે અનુચિત વહેવાર કરે તો કેવું થાય? - એ વિચારીને જ પછી વર્તન-આચરણ વ્યક્તિએ કરવું જોઇએ.

અર્થાત્ જે વર્તન-વાણી આપણી સાથે કોઇ કરે એવી અપેક્ષા જો આપણે રાખતા હોઇએ તો આપણે પણ એવી જ જાતની વાણી-વર્તન, આદાન-પ્રદાન અન્યો સાથે કરવું જોઇએ.

પણ, સ્વાર્થી-સંકુચિત વૃત્તિવાળાંના ત્રાજવાં વિચિત્ર હોય છે હું તો બધાની સાથે આમ જ વર્તન કરું પણ મને કોઇ આવું કહે તે ન ગમે - આવી રીત યોગ્ય નથી.

એવી જ રીતે દેતી-લેતી, વ્યવહાર સંબંધોમાં પણ 'એક હાથે લ્યો ને બીજે હાથે આપો' નો સિદ્ધાંત અપનાવવો જરૂરી છે.

આપણને ન ગમે તે સામેની વ્યક્તિને પણ ન ગમે - પોતાને માટે જે ઉચિત છે તે બીજાને માટે પણ એટલું જ ઉચિત છે.

## સુવિચાર

- ખરાબ સમયનું પણ એક શૈક્ષણિક મૂલ્ય હોય છે, સમજદાર વ્યક્તિ તો એવા સમયમાં પણ કંઇક શીખી જ લેશે - **સમયસૂત્ર**
- માણસ પોતે વિચારે તેના કરતાં વધારે નૈતિક હોય છે અને કલ્પના કરતા વધારે અનૈતિક હોય છે - **ફ્રોઇડ**
- કેહ દો યહ પરવાનોં સે મરના નહીં કમાલ... મર મર કે ઔરોં કે લિયે જીના હૈ કમાલ... - **જીગર મુરાબાદી**
- મોતનો આઘાત તો જીરવી જવાશે એક દીન... જીંદગીના ઘાવ ઝીલે તે શક્તિમાન છે - **દાદા ભગવાન**
- વિપરીત સંજોગોમાં મોટાભાગના લોકો તૂટી જતા હોય છે, તો કેટલાક રેકોર્ડ તોડતા હોય છે - **શિવ ખેરા**
- કળા ક્યારેય ખતમ થતી નથી, એને તો બસ છોડી દેવામાં આવે છે - **પાબ્લો પિકાસો**
- સુખનું કામ છે આપણને તે આંજે છે, દુઃખનું કામ છે તે આપણને ભાંગે છે, ધર્મનું કામ છે તે આપણને માંજે છે - **વર્ધમાન સ્વામિ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

આપણામાં, નેતાઓમાં, સાધુ-સંતોમાં લોકો સદાચાર-સત્યની મોટી અપેક્ષા હોય છે અને જ્યારે એ પરપોટો-ભ્રમ-દંભ ભૂટી જાય ત્યારે તેમનું લોકોની નજરમાંથી પતન થાય છે.

બીજું રમજાન અને રોજા મુસ્લિમ ધર્મમાં ખૂબ જ પવિત્ર કહેવાય છે એમાં કોઇ પરાણે મોઢામાં રોટલીનો ડૂચો ખોસે તો એ ધૃષ્ટતા અને પાપાચાર છે.

મુસ્લિમ સંત બાયઝિદને ખૂશામત-માનપાન-સ્વાગત ના સરઘસ ગમતાં ન હતા. તેઓ એનાથી થાકી અને કંટાળી ગયા હતા.

રમઝાન માસના રોજા ચાલુ હતા અને બાયઝદ મક્કાથી પરત ફરી રહ્યા. રસ્તામાં એક શહેરમાં એમનું રોકાણ હતું. ગામવાસીઓએ વિશાળ સરઘસ કાઢી એમનું સ્વાગત કર્યું અને એમને રહેવાના સ્થાન તરફ લઇ જતા હતા.

.. ત્યાં જ રસ્તામાં એક બેકરી આવી અને બાયઝદ મેદની વચ્ચેથી બેકરીમાં ગયા અને બ્રેડનો ટુકડો ખરીદ્યો - ત્યાં જ ઉભા રહી ખાવા લાગ્યા.

લોકોને ખૂબ આશ્ચર્ય થયું. રોજા ચાલુ હતા છતાં બાયઝદનું આ વર્તન આઘાત જનક લાગ્યું. એમને તો કોઇ કંઇ કહી ન શક્યું. પણ ધીમે ધીમે લોકો ત્યાંથી પલાયન થઇ તેમનો સાથ છોડી ઘરભેગા થઇ ગયા.

બાયઝદે તેના પ્રિય શિષ્યને કહ્યું - જોયું ને! જેવો હું લોકોની અપેક્ષા વિરૂદ્ધ વર્ત્યો તે ક્ષણે આદર-પૂજ્યભાવ નષ્ટ થયો.

Email - sureshchandrabhatt18@gmail.com

# અખિલ ભારતીય કિસાન કોંગ્રેસના પ્રથમ અધ્યક્ષ કોણ હતા?

**ખજાનો**



- ડૉ. અનિલ પટેલ
anilbhaikpatel@gmail.com

## ભારતનો ઇતિહાસ

(૧) સિંગાપુરમાં 'કામચલાઉ સરકાર'ની સ્થાપના કોણે કરી હતી?
(અ) સુભાષચંદ્ર બોઝ (બ) બિપિનચંદ્ર પાલ
(ક) મહાત્મા ગાંધી (ડ) ગોપાલકૃષ્ણ ગોખલે

(૨) અંગ્રેજ સરકારે વાસુદેવ ફડકેના માથા માટે કેટલું ઇનામ જાહેર કર્યું હતું?
(અ) ચાર હજાર (બ) પાંચ હજાર
(ક) બે હજાર (ડ) દસ હજાર

(૩) ખુદીરામ બોઝને ક્રાંતિપથની દિક્ષા કોણે આપી હતી?
(અ) માતાએ (બ) પિતાએ
(ક) શિક્ષકે (ડ) ગુરૂજીએ

(૪) જહાગીંરના સમયમાં ઇંગ્લેન્ડના રાજાના પ્રતિનિધિ તરીકે કોણ ભારત આવ્યો હતો?
(અ) હોકિન્સ (બ) સર ટોમલો રો
(ક) (અ) અને (બ) (ડ) રોબર્ટ કલાઇવ

(૫) કોના સમયમાં અંગ્રેજોએ ભારતમાં વેપાર કરવાનો પરવાનો મેળવવાની દરખાસ્ત મુકી?
(અ) જહાંગીર (બ) ઔરંગઝેબ
(ક) શારજહાં (ડ) અકબર

(૬) કયા મુઘલ બાદશાહે શીખ ગુરૂ અર્જુનસિંહનો વધ કર્યો હતો?
(અ) ઔરંગઝેબ (બ) શારજહાંએ
(ક) જહાંગીરે (ડ) અકબરે

(૭) મારવાડને સ્વતંત્ર કરવા કોણે ઔરંગઝેબ સામે સતત પચીસ વર્ષ સુધી સંઘર્ષ કર્યો?
(અ) મહારાણા પ્રતાપે (બ) વીર દુર્ગાદાસે
(ક) મહારાણા સાંગાએ (ડ) સવાઇ માનસિંહે

(૮) ફોરવર્ડ બ્લોકની સ્થાપના કરોણે કરી?
(અ) એની બેસન્ટ (બ) બિપિનચંદ્ર પાલ
(ક) લાલા લજપતરાય (ડ) સુભાષચંદ્ર બોઝ

(૯) ચંદ્રશેખર અંગ્રેજ સરકારના હાથે કયાં ઘેરાઇ ગયા હતા?
(અ) પોતાના ઘરમાં (બ) કાકોરી ટ્રેન લૂંટતી વખતે
(ક) આલ્ફ્રેડ બાગમાં (ડ) લખનૌમાં

(૧૦) કયા ગ્રંથમાં જણાવ્યા અનુસાર પાટણની સ્થાપના ઇ.સ. ૭૪૬માં થઇ હતી?
(અ) રાજ વંશાવલિ (બ) ધર્માચરણ
(ક) વ્દ્રયાશ્રમ (ડ) સિદ્ધહેમ શબ્દાનુશાસન

(૧૧) આઝાદી મળ્યા પછી ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસને સમેટી લેવાનું સૂચન કોણે કહ્યું હતું?
(અ) મહાત્મા ગાંધી (બ) રાજેન્દ્ર શાહ
(ક) વલ્લભભાઇ પટેલ (ડ) શ્યામાપ્રસાદ મુખરજી

(૧૨) અખિલ ભારતીય કિસાન કોંગ્રેસના પ્રથમ અધ્યક્ષ કોણ હતા?
(અ) ગાંધીજી (બ) જયપ્રકાશ નારાયણ
(ક) સહજાનંદ સરસ્વતી (ડ) પી.સી. જોષી

(૧૩) મનસબદારી વ્યવસ્થા કોણે દાખલ કરી હતી?
(અ) બાબર (બ) હુમાયુ
(ક) અકબર (ડ) શારજહાં

(૧૪) ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ મુંબઇ કોની પાસેથી મેળવ્યું હતું?
(અ) ડચ (બ) ફ્રેન્ચ
(ક) ડેનિશ (ડ) પોર્ટુગીઝ

(૧૫) મહમદ ગઝનીના ભારતના પરના હુમલાઓ દરમિયાન તેની સાથે કયો સાહિત્યકાર હતો?
(અ) ઇબ્નબતુતહ (બ) અલબેરૂની
(ક) ફિરદૌસી (ડ) અલરઝી

## વિવિધા

**વિષય : વિશ્વના જાણીતા સાહિત્યકારો અને તેમનું સર્જન**

- કિંગ લિયર - વિલિયમ શેક્સપિયર
- પિગ્મીલીયન - જયોર્જ બર્નાર્ડ શૉ
- પ્રોફાઇલ ઇન કરેજ - જહોન કેનેડી
- લાઇફ લોંગ એજ્યુકેશન - ડૉ. રવિન્દ્ર દવે
- પોએટિક્સ - એરિસ્ટોટલ
- ફાધર એન્ડ સન્સ - ઇવાન તૂર્ગનેવ
- બ્રેવ ન્યૂ વર્લ્ડ - આલ્ડ્સ હકસલી
- માઉસ ટ્રેપ - આગાથા ક્રિસ્ટી
- માદામ બોવરી - ગુસ્તાવ ફલોબર્ડ
- મેકબેથ - વિલિયમ શેક્સપિયર
- મેરેજ એન્ડ મોરલ્સ - જયોર્જ બર્નાર્ડ શૉ
- રાઇટસ ઓફ મેન - ટોમસ પેઇન
- રોમિયો એન્ડ જુલિયટ - વિલિયમ શેક્સપિયર
- લિમિઝ ટેબલ - વિક્ટર હ્યુગો
- વેટીની ફેર - વિલિયમ થેકટે
- વોલ્ડન - હેન્રી ડેવિડ થોરો
- સેન સોસાયટી - એરિક ફ્રોમ
- સોશ્યિલ કોન્ટ્રેક્ટ - રૂસો
- સોહરાબ એન્ડ રૂસ્તમ - મેથ્યુ અર્નોલ્ડ
- ધ સ્ટડી ફોર હિસ્ટ્રી - અનોડ ટોયમ્બી

## ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - ૧૨મી ઓગસ્ટ ભારતના કયા મહાન વૈજ્ઞાનિકનો જન્મદિવસ છે?**
**જવાબ - ડો. વિક્રમ સારાભાઇ**

## સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) નટુભાઇ દરજી : પેથાપુર
(૨) ઋજિત એ. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭
(૫) રેખા. એમ. જાદવ : સે-૩૦
(૬) આરતી દોશી : સે-૩૦
(૭) જયેન્દ્રપ્રસાદ પાઠક : ઇન્ફોસિટી સાયન્સ કૉલેજ

## આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**બિહારના હાલના મુખ્યમંત્રીનું નામ શું છે?**
**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

## સાચા જવાબો

(૧) અ (૨) અ (૩) ક (૪) ક (૫) અ (૬) ક (૭) બ (૮) ડ (૯) ક (૧૦) બ (૧૧) અ (૧૨) ક (૧૩) ક (૧૪) ડ (૧૫) બ

# શૈશવાવસ્થા, બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા અને મુગ્ધાવસ્થા (તરૂણાવસ્થા) માનવની વિકાસયાત્રાના ચાર અતિ મહત્ત્વનાં પડાવ છે

**શૈશવાવસ્થાથી યુવાવસ્થાની જીવનયાત્રા**

- હર્ષદ પ્ર. શાહ

મનુષ્યના જન્મથી એનો ૧૮ વર્ષ સુધીનો જીવનકાળ એ જીવનનો ઉષઃકાળ છે, જીવનની ઉષા છે. એમાંય જન્મથી ત્રણ વર્ષનો સમય તો પરોઢ જેવો છે. એમાં ઉગતા સૂર્યની લાલીમાનો અનુભવ થાય છે. એ સમયના સૂર્યનાં કિરણોનો સ્પર્શ પણ મતિ મૃદુ અને આહ્લાદક હોય છે. એવું જ શૈશવનું છે. બાળકને ઉછેરવાનું કામ સહેલું નથી, પણ માતા બાળકને હર્ષભેર ઉછેરે છે.

શૈશવાવસ્થા, બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા અને મુગ્ધાવસ્થા (તરૂણાવસ્થા) માનવની વિકાસયાત્રાના ચાર અતિ મહત્ત્વનાં પડાવ છે. આ સમયમાં વિકાસનો વેગ ખૂબ ઝડપી હોય છે. એ સાથે જ વિકાસની પ્રક્રિયા પણ જટિલ અને નાજૂક હોય છે. કદાચ બાળકના ઉછેર વખતે જે માતાપિતા ઘણું શિક્ષણ મેળવે છે. માતાપિતા અને પરિવારજનોએ બાળકના જન્મથી એના ૧૮ વર્ષ સુધીના સમયમાં વિશેષ સતર્ક રહેવાની જરૂર હોય છે. આ ગાળામાં જેટલો વધુ સમય બાળક સાથે ગાળી શકાય તેટલા ઓછા પ્રશ્નોનો સામનો કરવો પડશે.

મનુષ્યનો વિકાસક્રમ સમજાવતાં ચાણક્ય કહે છે -

- લાલયેત્ પંચવર્ષાણિ
પાંચ વર્ષ સુધી બાળકનું લાલન-પાલન કરો.
- દશવર્ષાણિ તાડયેત્
ત્યાર પછીનાં દશ વર્ષ બાળકનું તાડન (અનુશાસનયુક્ત ઘડતર) કરો.
- પ્રાપ્તે તુ ષોડશે વર્ષે
સોળમે વર્ષે બાળક પોતાનું સ્વતંત્ર અનુભવે છે.
- પુત્ર મિત્રં સમાચરેત્
તેથી ત્યારે તેની સાથે મિત્રવત્ વ્યવહાર કરો.

આ ચારેય તબક્કાઓને આપણે ઊંડાણથી સમજીએ તો આપણું વ્યક્તિગત જીવન સુખી અને પારિવારિક જીવન સમૃદ્ધ બનશે.

**● બાળકનું લાલન-પાલન કરવું એટલે...**

- નિર્વ્યાજ પ્રેમ આપવો.
- એની સાથે એના જેવા થઈને રમવું.
- ખિલખિલાટ હસવું - હસાવવું - એને આનંદમાં રાખવું.
- પશુ-પક્ષીની વાર્તાઓ કહેવી.
- રામાયણ, મહાભારત, પુરાણો અને ઉપનિષદોની કથાઓ કહેવી. પાત્રોનો પરિચય કરાવવો.
- ભગવાને સર્જેલી આ સુંદર સૃષ્ટિને અને પ્રકૃતિને પ્રેમ કરવા પ્રેરવું.
- વાતો કરતાં કરતાં સારા-નરસાની સમજ આપવી.
- એને લઈને મંદિરે જવું.
- એને નદી, તળાવ, પર્વત, દરિયો, આકાશ, તારા, સૂર્ય, ચંદ્ર, વૃક્ષો, જંગલો પ્રકૃતિ વગેરે પ્રકૃતિ - તત્ત્વોનો પરિચય કરાવવો. પ્રકૃતિ સાથે નિકટતા કેળવવી.
- એને ખૂબ વહાલ કરવું.
- એને સલામતી અને સ્વતંત્રતા બંનેનો અનુભવ કરાવવો.
એની સારી બાબતોના વખાણ કરવા.
- એને કોઈની બીક ન બતાવવી. નિર્ભયતાના વાતાવરણમાં બાળક ઝડપથી વિકસે છે.
- એને ક્યારેય મારવું નહીં.
- એને સારી સારી વસ્તુઓ અને સારા ચિત્રો દેખાડી સૌંદર્યબોધ કરાવવો.
- સરસ ગીતો, ભજનો અને હાલરડાં સંભળાવવાં.
- સ્વયં ઘરના વડીલોનો સહજ આદર કરવો, પ્રણિપાત કરવાં અને બાળક એ જોઈને સહજ ભાવથી શીખે એવું કરવું. બાળક ઉપદેશથી નહીં, ઉદાહરણથી શીખે છે.
- પ્રથમ પાંચ વર્ષનો આ એવો સમય છે, જ્યારે બાળકની ગ્રહણશીલતા અત્યંત સતેજ હોય છે અને એવા ઘડતરનો પાયો નંખાય છે, જીવનનું ૮૦% ટકા જેટલું પ્રત્યક્ષ, પરોક્ષ, અનુભવજન્ય જ્ઞાન એ આ સમયમાં જ મેળવે છે અને માતાપિતાનો વધુમાં વધુ સમય બાળક સાથે વીતશે તો એનો અનન્ય લાભ મળશે.

**● બાળકને તાડન કરવું એટલે....**

- અક્ષરજ્ઞાન અને ઔપચારિક શિક્ષણનો આરંભ કરવો.
- વિનયપૂર્વક અને શુદ્ધ ઉચ્ચારણથી બોલતાં શીખવવું.
- એને એની દિનચર્યા ગોઠવી આપવી અને બધું કામ સમયસર કરવાની ટેવ પાડવી. પ્રત્યેક પળની મહત્તા એ સમજશે તો તેની ક્ષમતા વધશે.
- કયા કામ માટે કેટલો સમય ફાળવવો તે સમજાવવું.
- નાના-મોટા પ્રત્યેક સાથે કેવી રીતે વર્તવું તે સહજ રીતે, વાતવાતમાં શીખવવું, ઉપદેશાત્મક રીતે નહીં.
- 'અતિથિ દેવો ભવ'નો મર્મ સમજાવવો.
- મિત્રોની પસંદગી કરતાં શીખવવું. એના દરેક મિત્રને પ્રેમપૂર્વક આવકારવો.
- વહેંચીને ખાવાની ટેવ પાડવી.
- પોતાનું કામ એ પોતાની મેળે કરે એવી ટેવ પાડવી. સ્વાવલંબન અને શ્રમના ગુણ વિકસાવવા.
- અન્નની મહત્તા સમજાવવી, થાળીમાં જરાટ એઠું ન મૂકવાની ટેવ પાડવી.
- ભારતનાં ઇતિહાસ, પરંપરા, સંસ્કૃતિ તથા વિવિધ ઉપાસના પદ્ધતિઓનો પરિચય કરાવવો.
પોતાનું દફતર, પુસ્તકો તથા અન્ય ચીજવસ્તુઓ સુવ્યવસ્થિત રાખવાની - મૂકવાની ટેવ પાડવી.
- દીન, દુઃખી, દરિદ્રની સેવા કરવાનો ભાવ જગાડવો.
- કોઈ પણ જાતનું વ્યસન એને ન સ્પર્શે એની કાળજી લેવી.
- સારા નરસાનો, સાચા ખોટાનો, નીતિ-અનીતિનો અને શ્રેય-પ્રેયને ભેદ એ સમજે એવો પ્રયત્ન કરવો.
- અનુશાસનનો ભાવ જગાડવો પણ એના મન પર કાયદા-કાનૂન-સૂચન-પ્રશાસનની ભીડ ન કરવી.
- તાડન એટલે મારવું નહીં, પ્રેમભર્યો આગ્રહ કરવો... દિશાબોધ કરવો અને એ સારા માર્ગે જ ચાલે, ભટકી ન જાય એવો પ્રયત્ન કરવો.

(અનુસંધાન પાના નં. ૭ પર)

# સ્વતંત્રતા! સ્વરાજ! આઝાદી... રોમ હર્ષ શબ્દ

**પ્રસંગસર**

- ડૉ. કિશોર સાધુ

૧૫ ઓગસ્ટ, આપણા સૌ માટે આનંદ અને ગૌરવનો આ દિવસ છે. સ્વતંત્રતા એ કોઈ પણ વ્યક્તિ પ્રજા, સંસ્કૃતિ કે રાષ્ટ્ર માટે સૌથી મોટી ઉપલબ્ધિ છે. સ્વતંત્ર ભારતના નાગરિક તરીકે આપણને આ મહાન સિદ્ધિ સાંપડી છે.

સ્વતંત્રતા! સ્વરાજ! આઝાદી - એક રોમ હર્ષ શબ્દ છે... તેમાં કેટલીયે લાગણીઓ, સંભારણા સચવાયેલાં છે. તેમાં રોમાંચકતા, ઉત્તેજકતા અને હૃદયના તાર ઝણઝણી ઉઠે તેવી ભાવના છે. સ્વતંત્રતાનો વિચાર વેદકાળથી ગવાતો આવ્યો છે. વેદનો આ મંત્ર 'વ્યચિષ્ઠે બહુપાય્યે યતેમહિ સ્વરાજ્યે!' 'વ્યચિષ્ઠ' એટલે અત્યંત વ્યાપક, જેમાં બધાને માતાધિકાર હોય. 'બહુપાય્ય' એટલે જેની બહુમતી લઘુમતીના રક્ષણ માટે સાવધાન છે. તુલસીદાસે પણ ગાયુ છે કે, 'પરાધીન સ્વપ્ને સુખ નાહીં!', સ્વરાજ એટલે પોતાનું રાજ. બ્રિટનના વિદ્વાન જહોટ સ્ટુર્ટ મિલે ૧૮૫૦માં 'ઓન લિબર્ટી' નામનું પુસ્તક લખ્યું છે. તેમાં તેણે સ્વરાજની ખૂબ સરળ, સરસ વ્યાખ્યા આપી છે. 'એ જ સાચી સ્વતંત્રતા છે, જેનાં આપણે આપણું ભલું કરી શકીએ, તેવું કરવાની આપણને છૂટ હોય; ઉપરાંત ભલું કરવામાં બીજાના હક્ક ઉપર કે બીજાના સુખી થવાના પ્રયાસ ઉપર તરાપ ન પડતી હોય.'

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ આપણે આઝાદી મેળવી! પરંતુ શું સ્વતંત્ર હોવાનો અહેસાસ આપણને થાય છે ખરો? અન્ન-જળ, કપડાં અને રહેઠાણની વ્યવસ્થા ન હોય એવું સ્વરાજ જનસમુદાય ઇચ્છતો નથી, એકાદશી વ્રત, શ્રાવણ માસના ઉપવાસ, રમઝાન માસના રોઝા ચાલે, પરંતુ હંમેશા ભૂખમરો સહન ન કરી શકાય, પ્રોફેશન મેનેજમેન્ટ, પર્સનાલિટી ડેવલોપમેન્ટ, બિઝનેશ મેનેજમેન્ટ, ઇજનેરી, દાક્તરી વિદ્યાનું કરોડો રૂપિયા ગુરુદક્ષિણા આપી શિક્ષણ લેવાય છે. છતાંય... કંઇક ખૂટે છે. અંગ્રેજો આપણી સ્વતંત્ર બુદ્ધિને તંત્રમાં વશ કરી ગયા છે. સ્વાર્થહિત ધરાવનારોની ચતુરાઈથી આ દેશ પીડાઈ રહ્યો છે. આ સોદાબાજીએ દેશને છિન્ન-ભિન્ન કર્યો છે. ભારતીય સહિયારી સહિષ્ણુ સંસ્કૃતિનું ઇન્ડિયનપણામાં પરિવર્તન થઈ રહ્યું છે. શું આઝાદી, સ્વરાજ - સ્વતંત્રતા એ કોઈ માત્ર તર્ક છે, ના એકમાત્ર તર્ક નથી પણ તે તો હૃદયના ઊંડાણમાં પડેલી ઝંખના છે. પણ!!!





આઝાદીનો ઉમંગ આપણે હૃદયના ખૂણામાં ભંડારી દીધો છે. આઝાદી આપણને બક્ષિસમાં મળી નથી; તે મેળવી છે. આઝાદીની લડત શું હતી? કેવી રીતે તે લડાતી, તે સમયે કેવો ઉત્સાહ હશે? તેનું કશું ભાથું મારી પાસે નથી. પણ મને ઇતિહાસ કંઠસ્થ કરવાનો લાભ મળ્યો. સ્વાતંત્ર્ય-સેનાનીઓના જીવનચરિત્રો વાંચવા મળ્યા, ત્યારે આઝાદીની તીવ્ર ઝંખનાની લાગણી, દેશભક્તોની એ ફનાગીરી, ઉત્કૃષ્ટ દેશપ્રેમની ભાવના વિશે જાણવા મળ્યું - કેટકેટલા અરમાનો સાથે આ દેશની યુવાશક્તિએ તે સમય કફન ઓઢી આઝાદીની અલખ જગાવી હતી.

● સરફરોશી કી તમન્ના હમારે દિલ મેં હૈ,
દેખના હૈ દમ કિતના બાજુએ કાતિલ મેં હૈ.
● નથી ખબર અમ પંથ શી આફત ખડી છે,
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.
● ઇન્કલાબ, ઝિંદાબાદ!
● વંદે માતરમ્!

એક વાર આ સૂત્રો-પંક્તિઓ જોસથી બોલી જુઓ! તમારાં હૃદના તાર ઝણઝણે નહીં તો કે'જો! આબાલ વૃદ્ધ, દૂધ મલિયા યુવાનોએ આઝાદીની વેદી પર પ્રાણની આહુતિ આપી છે. તે સમયે 'આઝાદીની લડત' શબ્દ સાંભળી દરેક વ્યક્તિ ઝૂમી ઉઠતી. આજે વરસમાં બે દિવસ બલિદાન અને ન્યોછાવરીના જિજવાય છે, આ દિવસોમાં કેટલા લોકો જોડાય છે? આપણે ૬૭ વર્ષ સુધી આઝાદી ટકાવી રાખી છે તે ગૌરવની વાત જરૂર છે. પરંતુ આઝાદીની ઝંખના આઝાદી જેટલી તીવ્ર રહી નથી. આ દિવસ માત્ર શાળા-કોલેજો અને સરકારી કાર્યક્રમ બની ગયો છે. બાકી રજાનો દિવસ છે.

આઝાદીનાં ૬૭ વર્ષ પછી દેશમાં આપણે નૈતિક તાકાત, સિદ્ધાંતો, અને મૂલ્યો ખોયાં છે. આપણે આપણી ઓળખ ગુમાવી રહ્યા છે. મની અને મસલ પાવરનો પ્રભાવ વધ્યો છે. ત્યારે ભારતના સંસ્કાર, સંસ્કૃતિ અને સભ્યતાનો વિજય વાવટો વિશ્વમાં લહેરાવવાનો સમય પાકી ગયો છે! તે માટે જરૂર છે લોકકેન્દ્રિત આંદોલનની! જ્યારે લોકકેન્દ્રિત કામ ન થાય ત્યારે આ કરવું પડે? શું આઝાદીની લડત લોકકેન્દ્રિત ન હતી? આજે દેશને નવી આઝાદીની જરૂર છે. સાચા ગ્રામસ્વરાજની જરૂર છે? શુદ્ધ હવા, શુદ્ધ પાણી, શુદ્ધ ખોરાક, હરિયાળા વન, રોજગારી અને માફકસરનું હવામાન ઉપરાંત પ્રજાના અબાધિત અધિકાર તેને મળવા જોઈએ.

૬૮માં આ સ્વતંત્રતાના અવસરે આપણી ઓળખને પુનઃ મેળવવા આપણા જીવનનું સિંહાવલોકન અવશ્ય કરવું જોઈએ. આપણે જે કાંઇ કામ દિવસ કે વરસ દરમિયાન કરીએ છીએ તે દેશનાં વિકાસમાં ઉપયોગી થાય છે; કે માત્ર આપણી સ્વાર્થવૃત્તિને જ સંતોષે છે. જો આપણે માત્ર આપણો જ વિકાસ સાધ્યો હોય તો આ દિવસનું કોઈ મહત્ત્વ નથી. આપણે એક ઉત્તરદાયક નાગરિકના રૂપમાં કર્તવ્યો, ફરજો, જવાબદારીઓને ઓળખી તે પૂરાં કરવાનો નિર્ધાર કરીએ. આજે જે કોઈ સંકલ્પ લઈએ તે જીવન પર્યંત એ દિશાનિર્દેશકના રૂપમાં સતત જિવાતા જીવનવ્યવહારમાં વણાઈ જવા જોઈએ.

ગાંધીજીના સપનાનું સ્વરાજ, રામરાજ્ય એટલે હિન્દુસ્તાનનું દરેક ગામડું રાજકીય, આર્થિક અને સામાજિક રીતે સ્વતંત્ર બને. ગામના બધા ભેગા મળી ગામનો સર્વાંગી વિકાસ કરે. વિવેકપૂર્વકનું આયોજન કરે. 'અનટુ ધી લાસ્ટ' - છેલ્લા - છેવાડાના દબાયેલા - દુભાયેલા માનવીને પહેલો લાભ મળે. બધામાં માનવતા જાગે, વિષમતા દૂર થાય. આપણે સારી રીતે જીવીએ અને બીજાને જીવવા દઈએની ભાવના જાગ્રત થાય.

આપણે સૌ નાગરિક તરીકે કર્તવ્યનું પાલન કરી સ્વસ્થ સમાજ ઊભો કરીએ. તે માટે દરેક નાગરિક પોતાનું વ્યક્તિત્વ ઉચ્ચ કોટિનું કરી બીજાનો આદર્શ બને. આઝાદીના આ પર્વે આઝાદી માટે પ્રાણની આહુતિ આપનાર નામી- અનામી સૌ વીર દેશભક્તોને કહે, 'ઓ આઝાદીના અલગારી દીવાનાઓ, પ્રાણનું બલિદાન આપનાર વીર શહીદો વતન તમને નમન કરે છે!'

એક માનવી હોવાના સંબંધે ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા મુજબ આપણા સૌ ઉપર સંપૂર્ણ વિશ્વ પ્રત્યે એક સાર્વભૌમિક ઉત્તરદાયિત્વ છે; જેને આપણે આપણી ઓળખ પૂર્ણ કરવાની સંકલ્પ કરીએ. આ માટે હું પ્રાર્થના કરું છું કે, હે મા ભારતી! જયહિન્દ. જય ભારત!